# સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા

સફલ પ્રેલ્યુડની સામે, અશ્વરાજ બંગ્લોઝ પાછળ, કોર્પોરેટ રોડ
પ્રહલાદનગર ગાર્ડન પાસે, પ્રહલાદનગર, અમદાવાદ ૩૮૦ ૦૧૫
ફોન: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in


## જાહેરાત

**(ક્રમાંક: સીજીઆરએસ-તાલીમ/૨૦૧૮-૧૯/પ્રવેશ પરીક્ષા-૦૧/ઇડીપી)**

કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા (class 1-2 ) પ્રશિક્ષણવર્ગો ૨૦૧૮- ૧૯

**(આ ગુજરાત સરકાર ધ્વારા સંચાલિત પ્રશિક્ષણવર્ગ છે. નોકરી માટેની જાહેરાત નથી.)**

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે **કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોમાં વર્ગ-૧-૨ની ભરતીના કામે આઇ.બી.પી.એસ., આર.બી.આઇ., એસ.બી.આઇ., એલ.આઇ.સી., એસ.એસ.સી., આર.આર.બી.** વગેરે જેવી જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના **પ્રશિક્ષણવર્ગો ૨૦૧૮-૧૯**માં પસંદ થવા માટેની પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર **તા.૩૧/૦૫/૨૦૧૮ થી તા.૧૪/૦૬/૨૦૧૮** (સમય રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે અને અરજી કર્યા બાદ પરીક્ષા ફી ભરવા માટેનું ચલણ કાઢીને ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફિસમાં જઇને **તા.૩૧/૦૫/૨૦૧૮ થી તા.૧૯/૦૬/૨૦૧૮** સુધી (પોસ્ટ ઓફિસના કામકાજના સમય દરમ્યાન) પરીક્ષા ફી ભરી શકશે. ઉમેદવારે તાજેતરનો Photograph (10 kb) અને Signature (10 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે jpg format માં scan કરી કોમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે. જે ઓનલાઇન અરજીમાં upload કરવાનો રહેશે. અરજદારે પોતાના બધા જ શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, જાતિ અને અન્ય લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને સંસ્થા ધ્વારા માંગણી થયેથી અચૂક રજૂ કરવાના રહેશે.

નોંધ:-ઓન લાઇન અરજી કરતી વખતે ઉમેદવારે પોતાનો જ ઇ-મેઇલ આઇ.ડી. અને મોબાઇલ નંબર લખવો. જેથી સંસ્થા દ્વારા જરૂર પડયેથી સંપર્ક કરી શકાય.

૨. <u>**ઉક્ત જણાવેલ પ્રશિક્ષણવર્ગો ૨૦૧૮-૧૯માં નીચેની વિગતે એક વર્ગમાં જગ્યા મુજબના એવા બે તાલીમવર્ગનું આયોજન વર્ષ દરમિયાન કરવામાં આવનાર છે.**</u>

| ક્રમ નં | સેન્ટરનું નામ | કુલ બેઠક | બિન અનામત (૫૧%) | | | એસસી (૭%) | | | એસટી (૧૫%) | | | એસસીબીસી (૨૭%) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરૂષ | મહીલા (33%) | કુલ | પુરૂષ | મહીલા (33%) | કુલ | પુરૂષ | મહીલા (33%) | કુલ | પુરૂષ | મહીલા (33%) | કુલ |
| ૧. | સ્પીપા, અમદાવાદ | ૧૦૦ | ૩૪ | ૧૭ | ૫૧ | ૪ | ૩ | ૭ | ૧૦ | ૫ | ૧૫ | ૧૮ | ૯ | ૨૭ |
| | | ૧૦૦ | ૩૪ | ૧૭ | ૫૧ | ૪ | ૩ | ૭ | ૧૦ | ૫ | ૧૫ | ૧૮ | ૯ | ૨૭ |
| ૨. | આરટીસી, અમદાવાદ | ૫૦ | ૧૭ | ૦૯ | ૨૬ | ૨ | ૧ | ૩ | ૫ | ૩ | ૮ | ૯ | ૪ | ૧૩ |
| | | ૫૦ | ૧૭ | ૦૯ | ૨૬ | ૨ | ૧ | ૩ | ૫ | ૩ | ૮ | ૯ | ૪ | ૧૩ |
| ૩. | આરટીસી, સુરત | ૫૦ | ૧૭ | ૦૯ | ૨૬ | ૨ | ૧ | ૩ | ૫ | ૩ | ૮ | ૯ | ૪ | ૧૩ |
| ૪. | આરટીસી, મહેસાણા | ૫૦ | ૧૭ | ૦૯ | ૨૬ | ૨ | ૧ | ૩ | ૫ | ૩ | ૮ | ૯ | ૪ | ૧૩ |
| ૫. | આરટીસી, રાજકોટ | ૫૦ | ૧૭ | ૦૯ | ૨૬ | ૨ | ૧ | ૩ | ૫ | ૩ | ૮ | ૯ | ૪ | ૧૩ |
| | | ૫૦ | ૧૭ | ૦૯ | ૨૬ | ૨ | ૧ | ૩ | ૫ | ૩ | ૮ | ૯ | ૪ | ૧૩ |
| ૬. | આરટીસી, વડોદરા | ૩૦ | ૧૦ | ૫ | ૧૫ | ૧ | ૧ | ૨ | ૪ | ૧ | ૫ | ૫ | ૩ | ૮ |
| | | ૩૦ | ૧૦ | ૫ | ૧૫ | ૧ | ૧ | ૨ | ૪ | ૧ | ૫ | ૫ | ૩ | ૮ |

- <u>સંભવિત તાલીમ વર્ગો :-</u>

| અ.નં. | તાલીમ વર્ગનું આયોજન | તારીખ |
|---|---|---|
| (૧) | પ્રથમ તાલીમ વર્ગ. | તા.૧૬/૦૮/૨૦૧૮ થી તા.૧૫/૧૨/૨૦૧૮ |
| (૨) | બીજો તાલીમ વર્ગ | તા.૧૭/૧૨/૧૮ થી તા.૧૫/૦૪/૨૦૧૯ |

## ૩. <u>શૈક્ષણિક લાયકાત અને પાત્રતા</u>

1. **શૈક્ષણિક લાયકાત**: કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર ધ્વારા કાયદાથી સ્થાપિત **<u>માન્ય યુનિવર્સીટી/ડીમ્ડ યુનિવર્સીટીમાંથી સ્નાતક</u>** થયેલ હોવા જોઇએ.
2. **રાષ્ટ્રીયતા**: ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.
3. આ તાલીમમાં જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી હોય અથવા જે ઉમેદવારોએ માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરી હોય અથવા સ્નાતક કક્ષાની પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરેલ હોય અથવા ૧ લી ઓગષ્ટ ૨૦૧૮ પહેલા ગુજરાતમાં પાંચ વર્ષનો સળગ વસવાટ કરેલ હોય અને હાલ ગુજરાતમાં સ્થાયી હોય તેવા ઉમેદવારો આ તાલીમવર્ગમાં દાખલ થવા માટે લેવામાં આવતી પ્રવેશ પરીક્ષામાં બેસી શકશે.
4. જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને સામાજીક શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારનું નોન-ક્રીમીલેયર સર્ટી તેમજ સંબંધિત જાતિ પ્રમાણપત્રો તથા અન્ય તમામ ડોકયુમેન્ટ સંસ્થા દ્વારા જે તારીખે રજુ કરવા જણાવવામાં આવે તે તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

૪. **<u>વયમર્યાદા: (તા.૦૧/૦૮/૨૦૧૮ સુધી)</u>**

1. ઓછા ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૨૮ વર્ષ સુધી,
2. સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે નહીં.
3. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુ ત્રણ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
4. અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુ પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
5. અંધ ઉમેદવાર અને શારીરિક ખોડખાંપણ ઓછામાં ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ દસ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

## ૫. <u>પ્રવેશ પરીક્ષા:</u>

૧. પ્રવેશ પરીક્ષા માટે કોન્ટીટેટીવ એપ્ટીટયુડ રિઝનીગ, જનરલ અવેરનેસ અને અંગ્રેજીનું મળી કુલ-૨૦૦ માર્કસનું પેપર MCQ **(Multiple Choice Question)** મુજબ લેવામાં આવશે.

૨. આ પ્રવેશ પરીક્ષા **<u>ઓન લાઇન</u> (ONLINE)** રહેશે. ઓનલાઇન પરીક્ષાની પ્રેક્ટીસ માટે સ્પીપાની વેબસાઇટ પર જાહેરાત મુકવામાં આવશે. જે જોવા વિનંતી છે.

**૩. પ્રવેશ પરીક્ષા <u>તા.૦૮/૦૭/૨૦૧૮</u> ને રવિવારના રોજ લેવામાં આવશે. જેની વિગત નીચે મુજબ છે.**

## ૪. <u>હેતુલક્ષી ઓન લાઇન પરીક્ષા **(Multiple Choice Question-On Line Exam):-**</u>

| તારીખ | સમય | વિષય | ગુણ |
|---|---|---|---|
| ૦૮-૦૭-૨૦૧૮ | ૧૧-૦૦ થી૧૩-૦૦ | (૧) કોન્ટીટેટીવ એપ્ટીટયુડ | ૫૦ |
| | | ૨)વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ | ૫૦ |
| | | (૩) ઇંગ્લીશ (અંગ્રેજી) | ૫૦ |
| | | (૪) જનરલ અવરનેસ અને કરન્ટ અફેર | ૫૦ |
| કુલ ગુણ | | | ૨૦૦ |
| **પ્રવેશ પરીક્ષા માટેનું કેન્દ્ર:** વિગતવાર કેન્દ્રની જાણ પ્રવેશપત્ર (Hall Ticket) ઉમેદવાર https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી શકશે. | | | |
| **નોંધ** :- (૧) ખોટા જવાબ બદલ પ્રશ્નના ૧/૩ ગુણ બાદ કરવામાં આવશે.<br>(૨) અંધ ઉમેદવારને વધારાના સમય તરીકે ૨૦ મિનિટ આપવામાં આવશે.<br>(૩) પ્રશ્નપત્ર હેતુલક્ષી પ્રકારનું રહેશે. ( બહુવિધ પસંદગી પ્રશ્ન ).<br>(૪) ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષામાં રહેશે. | | | |

## ૫. <u>હોલ ટીકીટ ડાઉનલોડ/પ્રિન્ટ આઉટ કરવા બાબત:-</u>

**તા.૦૮-૦૭-૨૦૧૮ને** રવિવારના રોજ યોજાનાર પરીક્ષાની હોલ ટીકીટ તા.૨૫/૦૬/૨૦૧૮ થી તા.૦૮/૦૭/૨૦૧૮ **(સવારના ૧૧.૦૦ વાગ્યા સુધી)** દરમ્યાન ડાઉનલોડ કરી પ્રિન્ટ આઉટની નકલ મેળવી લેવાની રહેશે.

૬. પ્રવેશ પરીક્ષા **અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને મહેસાણા(પાટણ) ખાતે યોજવામાં આવશે. તમે જે કેન્દ્ર ખાતે પરીક્ષા આપવા માગતા હો તે અંગે ક્રમાનુસાર ૫ વિકલ્પ આપવાના રહેશે.** પ્રવેશ પરીક્ષાના સ્થળ બદલવા કે અન્ય સ્થળે પ્રવેશ પરીક્ષાના આયોજન અંગેના તમામ નિર્ણયોમાં સ્પીપાનો નિર્ણય આખરી ગણાશે. સ્પીપાના નિર્ણય સામે કોઇપણ પ્રકારની ફરીયાદ/ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

**પરીક્ષાનો અભ્યાસક્રમ:**

| The examination consists of one papers. | | |
|---|---|---|
| Paper | (૧) કોન્ટીટેટીવ એપ્ટીટયુડ | 50 Marks |
| | ૨) વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ | 50 Marks |
| | (૩) ઇંગ્લીશ | 50 Marks |
| | (૪) જનરલ અવરનેસ અને કરન્ટ અફેર | 50 Marks |
| | Total | 200 Marks |

પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે કેટેગરી વાઇઝ મેરીટ મુજબ મંજુર થયેલ જગ્યાના ૩ ગણા ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

૮. **અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં ફક્ત ઓન લાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ તારીખ મુજબ **તા.૩૧/૦૫/૨૦૧૮ થી તા.૧૪/૦૬/૨૦૧૮** ( સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર ઓન-લાઇન અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે (૧) સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર જવું. ત્યારબાદ (૨) "Apply On line" માં Click કરવું. (૩) જાહેરાત ક્રમાંક સીજીઆરએસ -તાલીમ/૨૦૧૮-૧૯/પ્રવેશ પરીક્ષા-૧/ઇડીપી "**કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા (class 1-2 ) પ્રશિક્ષણવર્ગ ૨૦૧૮-૧૯** " પર "Details" પર ક્લિક કરવાથી કેટેગરી પ્રમાણે જગ્યાની વિગતવાર માહિતી વાંચી શકશો અને (૪) "Apply now" પર Click કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ ઉમેદવારે "Personal Details" ભરવી. (અહીં લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) (૫). Personal Details ભરાયા બાદ "Education Details" ભરવા માટે "Education Qualification" પર click કરવું. (૬) જો વધુ લાયકાત દર્શાવવા માંગતા હો તો "Add More Education" પર click કરવું. (૭) તેની નીચે "Self Declaration"

પર click કરવું. ત્યારબાદ (૮) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૯) હવે "Save" પર click કરવાથી તમારી અરજીનો Online સ્વીકાર થશે. (૧૦) અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. (૧૧) હવે Upload Photograph પર click કરો અહીં તમારો Application Number type કરો અને તમારી Birth date type કરો . ત્યાર બાદ ok પર click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. ( photo નું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી. ) ( Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature jpg format (10 kb) સાઇઝથી વધારે નહિ તે રીતે Computer માં હોવા જોઇએ.) "browse button" પર Click કરો. હવે Choose ફાઇલના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે., તે ફાઇલને select કરો અને "Open" button ને Click કરો. હવે "browse" button ની બાજુમાં "Upload" button પર Click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. આજ રીતે Signature પણ upload કરવાની રહેશે. (૧૨) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર Click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ OK પર Click કરવાથી ત્રણ બટન (૧) OK (૨) Show Application Preview અને (3) Confirm Application દેખાશે. ઉમેદવારે Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit કરી લેવું. Confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો થઇ શકશે. પરંતું કન્ફર્મ થયા બાદ કોઇપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર Click કરવું. જેથી ઉમેદવારની અરજીનો સંસ્થામાં Online સ્વીકાર થઇ જશે. અહીં "Confirmation Number" Generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ, ઉમેદવારે સાચવવાનો રહેશે. (૧૩) હવે Print Application પર Click કરવું. અહીં તમારો Confirmation Number ટાઇપ કરવો. અને Print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. (૧૪) પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટેનું ચલન મેળવવા માટે હવે Print Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number ટાઇપ કરવો અને Print Challan પર Click કરી ચલનની નકલ કાઢી ગુજરાત રાજ્યની કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફિસમાં જઇને સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે **રૂ!.300/- + પોસ્ટલ ચાર્જીસ રૂા.૧૨/-** અને અનામત કેટેગરીના ઉમેદવારો પરીક્ષા ફી પેટે **રૂ!.૧૦૦/- + પોસ્ટલ ચાર્જીસ રૂા.૧૨/-** ભરવાના રહેશે.

(૧૫) લાલ ફૂદડીવાળી (*) માહિતી આપવી ફરજીયાત છે. આ માહિતી ફોર્મમાં ભરવામાં નહીં આવે ત્યાંસુધી ફોર્મ સબમીટ થઇ શકશે નહીં. (૧૬) નોનક્રીમીલેયરની વિગતો ફરજીયાતપણે આપવાની રહેશે. તે નહીં આપનાર તે ઉમેદવારો જનરલ કેટેગરી બતાવશે તો ફોર્મ સબમીટ થશે.

**<u>ખાસ નોંધ-</u>** પ્રવેશ પરીક્ષા **અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને મહેસાણા(પાટણ) ખાતે યોજવામાં આવશે. તમે જે કેન્દ્ર ખાતે પરીક્ષા આપવા માગતા હો તે અંગે ક્રમાનુસાર ૫ વિકલ્પ આપવાના રહેશે.** પ્રવેશ પરીક્ષાના સ્થળ બદલવા કે અન્ય સ્થળે પ્રવેશ પરીક્ષાના આયોજન અંગેના તમામ નિર્ણયોમાં સ્પીપાનો નિર્ણય આખરી ગણાશે. સ્પીપાના નિર્ણય સામે કોઇપણ પ્રકારની ફરીયાદ/ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

## ૮. <u>પ્રવેશ પરીક્ષા ફી:</u>

1. તમામ કેટેગરીના ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષાની ફી ભરવી ફરજિયાત છે. અન્યથા પ્રવેશ પરીક્ષામાં બેસી શકશે નહીં.
2. પ્રવેશ પરીક્ષા માટેની ફી ભરવા માટે ઉમેદવારો જ્યારે OJAS ની વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે OJAS ની વેબસાઇટ પર ત્રણ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સૂચના મળશે જે ઉમેદવારોએ મેળવી લેવાની રહેશે. જે પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટેનું ચલન છે.
3. ઉમેદવારે પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટેના ચલન ધ્વારા ગુજરાત રાજ્યની કોઇપણ કોમ્પ્યુટરરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં જઇને સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારો પરીક્ષા ફી પેટે **રૂ!.૩૦૦/- + પોસ્ટલ ચાર્જીસ રૂ.૧૨/-** અને અનામત કેટેગરીના ઉમેદવારો પરીક્ષા ફી પેટે **રૂ!.૧૦૦/- + પોસ્ટલ ચાર્જીસ રૂ.૧૨/-** ભરી દેવાના રહેશે.
4. તમામ કેટેગરીના ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષાના રોજ પરીક્ષા ફી ભર્યાની નકલ સાથે લઇને આવવાનું રહેશે અન્યથા પ્રવેશ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.
5. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.
6. પોસ્ટ ઓફિસમાં ફી ભરવાની છેલ્લી તારીખ ૧૯/૦૬/૨૦૧૮(પોસ્ટ ઓફિસના કામકાજના સમય દરમ્યાન) ની રહેશે.

## ૯. <u>સામાન્ય સૂચનાઓ :</u>

1. પ્રવેશપત્ર વગર પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.
2. ઓન લાઇન પરીક્ષાના સમય પહેલાં ત્રીસ મિનિટ અગાઉ ઉમેદવારે પોતાની બેઠક પર બેસી જવાનું રહેશે.
3. તમારી સાથે પરીક્ષા ખંડમાં કેલ્ક્યુલેટર, મોબાઇલ, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્ય રાખી શકાશે નહી.
4. પરીક્ષા શરૂ થયા પછી પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહીં.
5. અનઅધિકૃત પુસ્તક, પેપર, લેખમાંથી કે અન્ય ઉમેદવારોમાંથી નકલ કરવી નહીં, કે નકલ કરવા માટે પ્રયાસો કરવા નહીં. તેમજ તમારા પેપર માંથી અન્ય ઉમેદવારોને નકલ કરવા દેવા નહીં. આ સૂચનાના ભંગ બદલ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
6. પ્રવેશ પરીક્ષા પરિણામ આકસ્મિક સંજોગો સિવાય તા.૨૪/૦૭/૨૦૧૮ સુધીમાં સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.
7. પરીક્ષામાં સફળ ઉમેદવારોને પત્રથી જાણ કરવામાં આવશે છતાંય પરિણામ સ્પીપાની વેબસાઇટ https://spipa.gujarat.gov.in ઉપર મૂકવામાં આવશે. જરૂર જણાય તો ‘સ્પીપા’ ના ટેલિફોન નંબરો ઉપર સંપર્ક કરવાથી પણ પરિણામ જાણી શકાશે.
8. સંસ્થા જે કોઇ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની સાથે મળીને નકલ કરવા કેલ્ક્યુલેટર, મોબાઇલ પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે અન્ય ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે (૮) પરીક્ષાખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણુક કરવા માટે (૦૯) પરીક્ષાના સંચાલન કરવા માટે રોકેલા

સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે (૧૦) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઇપણ કૃત્ય કરવા માટે અથવા યથા પ્રસંગ મદદ કરવા માટે અથવા (૧૧) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત સંસ્થા, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે.

**9.** ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને મૌખિક કસોટી સમયે ઉમેદવારે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંસ્થા ધ્વારા “રદ” કરવામાં આવશે.

**10.** સંસ્થા ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને પ્રવેશ માટેનો હક મળી જતો નથી. પ્રવેશ સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

**11.** પસંદગી પામેલ ઉમેદવારને સંસ્થાના નિયમ મુજબ શરતોને આધિન પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ મળશે..

**12.** ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે દાવો કરવાને હકદાર થશે નહીં, સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે અભ્યાસ સારૂ તે યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

**13.** આ જાહેરાત તથા પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યક્તા ઉભી થાય તો તેમ કરવાનો સંસ્થાને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા સંસ્થા બંધાયેલ રહેશે નહીં.

**14.** આ તાલીમ દરમ્યાન ઉમેદવારોને લોજીંગ બોર્ડીંગની વ્યવસ્થા પુરી પાડવામાં આવશે નહી.  પરંતુ લાયબ્રેરી સુવિધા આપવામાં આવશે. લાયબેરી ડીપોઝીટ પેટે રૂા.૨૦૦૦/- અને તાલીમ ડીપોઝીટ પેટે રૂા.૫૦૦૦/- ભરવાના રહેશે.

**15.** આ તાલીમમાં તાલીમાર્થીએ નિયમિત હાજર રહેવાનું રહેશે. ૭૫ ટકાથી ઓછી હાજરી હશે તેઓને તાલીમમાંથી રુખસદ આપી તેઓની તાલીમ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. આ ઉપરાંત બેચ શરૂ થયા બાદ એક માસ સુધી તાલીમાર્થીઓની

હાજરી ઉપર સતત નજર રાખવામાં આવશે. આ દરમ્યાન સતત ગેરહાજર રહેનાર તાલીમાર્થીનો પ્રવેશ રદ કરી પ્રતિક્ષાયાદીમાંથી કેટેગરી/મેરીટ મુજબ લાયક ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

૧૦. **<u>પ્રાથમિક કસોટી માટેના પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓ:-</u>**

1. **<u>પ્રશ્નપત્ર</u>** - ૨૦૦ માર્કસનું રહેશે. પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના (Multiple Choice Questions) રહેશે.
2. પ્રવેશ પરીક્ષાનું આયોજન **<u>ઓન લાઇન (ON LINE)</u>** કરવામાં આવશે.
3. પ્રશ્નપત્રમાં મહદ્દઅંશે નીચેના વિષયો આવરી લેતા પ્રશ્નો પૂછવામાં આવશે.

**Paper**

| Paper | (૧) કોન્ટીટેટીવ એપ્ટીટયુડ | 50 Marks |
|---|---|---|
| | (૨) વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ | 50 Marks |
| | (3) ઇંગ્લીશ | 50 Marks |
| | (૪) જનરલ અવરનેસ અને કરન્ટ અફેર | 50 Marks |
| | Total | 200 Marks |

4. પ્રશ્નપત્રની ભાષા ગુજરાતી અને અંગ્રેજી રહેશે. ગુજરાતી ભાષાંતરમાં કોઇ ગુંચવણ જણાય તો અંગ્રેજીમાં પૂછાયેલ પ્રશ્નની ભાષાનું અર્થઘટન આખરી ગણાશે.
5. ખોટા જવાબ બદલ પ્રશ્નના ગુણના 33% ગુણ બાદ કરવામાં આવશે. જે પ્રશ્નનો જવાબ આપવામાં નહીં આવે તેની કોઇ પેનલ્ટી થશે નહીં.
6. પ્રવેશપત્ર વગર પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.
7. ઓનલાઇન પરીક્ષાના સમય પહેલાં ૩૦ મિનિટ અગાઉ ઉમેદવારે પોતાની બેઠક પર બેસી જવાનું રહેશે.
8. ઉમેદવાર પોતાની સાથે પરીક્ષા ખંડમાં કેલ્ક્યુલેટર, મોબાઇલ વગેરે જેવા કોઈપણ ઈલેક્ટ્રીક સાધનો, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલું કે હસ્તલિખિત સાહિત્ય રાખી શકાશે નહી.
9. અનઅધિકૃત પુસ્તક, પેપર, લેખમાંથી કે અન્ય ઉમેદવારોમાંથી નકલ કરવી નહીં, કે નકલ કરવા માટે પ્રયાસો કરવા નહીં. તેમજ તમારા પેપરમાંથી અન્ય ઉમેદવારોને નકલ કરવા દેવી નહીં. આ સૂચનાના ભંગ બદલ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

10. ઓનલાઇન પરીક્ષા શરૂ થયા પછી પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહીં.
11. ઓનલાઇન પરીક્ષા શરૂ થયા પહેલા ઉમેદવારે તેમને ફાળવવામાં આવેલ કોમ્પ્યુટર વ્યવસ્થિત છે કે કેમ? માઉસ બરાબર ચાલે છે કે કેમ? તે ચકાસી લેવું. જો કંઇ ખામી જણાય તો ઉમેદવારે તમારા ઇન્વિજીલેટરને જાણ કરવી.
12. ઓનલાઇન પરીક્ષા શરૂ થયા પહેલા ઉમેદવારને તેમનો User ID & Password આપવામાં આવશે. જે ઉમેદવારે સંભાળીને રાખવો. તમારા કોમ્પ્યુટરમાં પરીક્ષા શરૂ થયાના ૧૦ મિનિટ પહેલાં User ID & Password Entered કરવાના રહેશે. જેથી ઓનલાઇન પરીક્ષા માટેનું વેબ પેજ ખુલી જશે. જે ખુલતાં જ તમારા કોમ્પ્યુટરનું કી-બોર્ડ એકસેસ બંધ થઇ જશે અને ઓનલાઇન પરીક્ષા નિર્ધારીત સમયે રન થઇ જશે જે માત્ર માઉસથી જ એક્સેસ કરી શકાશે. દરેક ઉમેદવારે પરીક્ષા શાંતિપુર્ણ રીતે આપવાની રહેશે.
13. ઓનલાઇન પરીક્ષા સમયે ઉમેદવારને ફાળવેલ કોમ્પ્યુટર બાબત કોઇ તકલીફ હોય તો તે બાબતે તેમના ઇન્વીલિજેટરને જાણ કરવી.
14. ઓનલાઇન પરીક્ષા નિર્ધારીત સમય પૂર્ણ થતા આપે આપેલ પરીક્ષા આપો આપ સેવ થઇ બંધ થઇ જશે.

## ૧૧. <u>સામાન્ય શરતો:</u>

1. અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહી.
2. તા. ૦૧/૦૪/૨૦૧૬ના રોજ કે ત્યારબાદ ઇસ્યુ થયેલ “ ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર” ની મહત્તમ અવધી ઇસ્યું થયા સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવુ ઇસ્યુ પ્રમાણપત્ર સબંધિત જાહેરાત માટે ઓન લાઇન અરજી કરવાની છેલ્લી તારીખ ( આ જાહેરાત માટે તા.૧૪/૦૬/૨૦૧૮) સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવું જોઇશે. નોંધ:- ઉન્નતવર્ગમાં સમાવેશ નહીં હોવા અંગેના પ્રમાણપત્રની માન્યતા/સ્વીકૃતિ તથા સમયગાળા અંગે અવધિના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવ/પરીપત્રોની જોગવાઇઓ આખરી ગણાશે.
3. ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રોની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતું ઉકત માપદંડો પૈકી કોઇપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન  ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સબંધિત ઉમેદવારે તથા તેના માતા પિતા/ વાલીએ સ્વયં સબંધિત

4. સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રોમાં કોઇ ફેરફાર કરવામાં આવે તો તેની જાણ સ્પીપાને કરવાની રહેશે. ઉન્નત વર્ગમાં આવી જાહેરાત નહીં કરીને કોઇપણ વિગત છુપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે. અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ કરવામાં આવશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઇપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવારે તથા તેના માતા પિતા/ વાલીની વ્યકિતગત રીતે અને સંયુકત રીતે રહેશે.

5. ઉમેદવારના અસલ પ્રમાણપત્રો સંસ્થા ધ્વારા મંગાવવામાં આવે તે સમયે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં.

6. પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહીં.

7. ફી ભર્યા સિવાયની અરજી મળેલ હશે તો તેને વિચારણામાં લેવામાં આવશે નહીં.

8. સંસ્થા તરફથી આપવામાં આવતી નવી સૂચનાઓ જોવા માટે જાહેરાતમાં દર્શાવેલ વેબસાઇટ અવારનવાર જોતા રહેવું.

**સહી-( કે.એમ.ભીમજીયાણી,IAS)**

નાયબ મહાનિર્દેશક
સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,
અમદાવાદ

તા. ૧૯/૦૫/૨૦૧૮
સ્થળ:- અમદાવાદ